**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૬ ટકા

# શહેરમાં નાગપંચમીનું પર્વ હર્ષોલ્લાસથી ઉજવાશે

## શહેરીજનો નાગદેવતાનું સ્થાપન કરી પૂજા અર્ચના કરશે : શહેરના ગોગા મહારાજના મંદિરો ખાતે વિશેષ પૂજા આરતી : ઉનાવામાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં શુક્રવારે નાગપંચમીનો તહેવાર પરંપરાગત રીતે ઉજવાશે. શહેરના ગોગા મહારાજના મંદિરો ખાતે વિશેષ પૂજા અર્ચના અને ઉત્સવના આયોજન કરાયા છે. કોલવડા ખાતે ગોગા મહારાજની શોભાયાત્રા નીકળશે જયારે ગાંધીનગર તાલુકાના ઉનાવા ખાતે સુપ્રસિધ્ધ ગોગા મહારાજના મંદિરે દર્શનાર્થીઓની ભીડ ઉમટશે. આ ઉપરાંત શહેરીજનો દ્વારા પોતાના ઘરે પણ નાગ દેવતાની સ્થાપના કરી પરંપરાગત રીતે પૂજન કરાશે.

શુક્રવારથી પાંચ દિવસના પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં નાગપાંચમ, રાંધણછઠ્ઠ, શિતળાસાતમ, ગોકુળઆઠમ એટલે કે જન્માષ્ટમી અને પારણાંનો સમાવેશ થાય છે. શ્રાવણ વદ-પના દિવસે નાગપંચમીના તહેવારથી પ્રારંભ થતા આ તહેવારો ભારતીય સંસ્કૃતિમાં આગવું મહત્વ ધરાવે છે. આ દિવસે અનેક શ્રધ્ધાળુઓ ઘરમાં નાગદેવતાનું ચિત્ર દોરી તેમનું સ્થાપન કરે છે અને નાગ દેવતાની પૂજા આરતી કર્યા બાદ તેમને 'કુલેર'નો પ્રસાદ ચઢાવે છે. નાગપંચમીનું વિશેષ મહ્ત્વ માલધારી સમાજમાં રહેલું છે અને ગોગા મહારાજને માલધારી સમાજ ઈષ્ટદેવ માને છે. ગાંધીનગરમાં સેકટર-૪-સી ખાતે અને સેકટર-પમાં સીએનજી પંપ પાસે અને ગોકુલપુરા ખાતે ગોગા



મહારાજના મંદિર આવેલા છે. જયાં નાગપંચમી નિમિત્તે વિશેષ પૂજા આરતી કરાશે તેમજ પ્રસાદ ભોગ ધરાવાશે. આ દિવસે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડશે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકામાં ઉનાવા ખાતનું ગોગા મહારાજનું મંદિર શ્રધ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. ઉનાવા ખાતેના આ ગોગા મહારાજના મંદિરે નાગ પાંચમના તહેવારે દર્શનાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડશે.

### કોલવડામાં શોત્રાયાત્રા માટે ૨૫ કેન દૂધપાકનો પ્રસાદ

કોલવડાની પટેલ ભાગોળ ખાતે આવેલા ગોગા મહારાજના મંદિરે નાગપાંચમની ઉજવણીનું વિશેષ આયોજન કરાયું છે. અહીં પૂજા આરતી સાથે ગોગા મહારાજની શોભાયાત્રા નીકળશે જે કોલવડા ગામમાં ફરશે. જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડે. આ શોભાયાત્રામાં ૨૫ કેન ડ્રાયફ્રુટ સાથેના દૂધપાકનો પ્રસાદ વહેંચાશે.

# સેકટર-૨૪ પ્રાથમિક શાળા પાસે ખુલ્લેઆમ જુગાર રમતા સાત પકડાયા

## સે-૨૧ પોલીસે દરોડો પાડી રૂ.૧૭,૪૧૦ના રોકડ મુદ્દામાલ સાથે સાતેયની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૩૦

શહેરના સેકટર૨૪ ખાતે પ્રાથમિક શાળા નજીક કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે ગઈકાલે સાંજે સેકટર-૨૧ પોલીસની ટીમે દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે કોર્ડન કરીને સાથે જુગારીઓને દબોચી લીધા હતા અને તેમની પાસેથી રોકડ રૂ. ૧૭,૪૧૦નો મુદ્દામાલ જપ્ત કરી સાતેયની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૧ પી.આઈ વી.એન.યાદવની સૂચનાથી તેમની ડી સ્ટાફની ટીમ શ્રાવણીયા જુગાર પર ખાસ વોચ રાખી રહી છે ત્યારે ગઈકાલે સાંજે સેકટર-૨૪ની પ્રાથમિક શાળા પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા પી.એસ.આઈ પી ડી વાઘેલા તથા તેમની ટીમ બાતમી વાળા સ્થળે પહોંચી ગઈ હતી. સેકટર-૨૪ પ્રાથમિક શાળા પાસે જુગારના સ્થળે દરોડો પાડતા ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા શખ્સો દોડતા થઈ ગયા હતા. જોકે ડી સ્ટાફે કોર્ડન કરીને તમામ સાતેય શકુનિઓને પકડી પાડ્યા હતા. સેકટર-૨૪ છાપરા સાઈબાબા મંદિર સામે રહેતા રાહુલ બાબુ પરમાર, રાજુ છના સોલંકી, દિપક બાબુ પરમાર, ભવર બાબુ મારવાડી, સેકટર-૨૪ આદર્શ નગર પીળા પટ્ટા મકાન નંબર ૫૨૫ માં રહેતા રોશન યશવંત શાહ, સેક્ટર-૨૪ ઈન્દીરાનગર છાપરા મકાન નંબર ૧૧૦માં રહેતા મનસુખ કલ્યાણ મકવાણા અને સેક્ટર-૨૫ સહકાર કોલોની મકાન નંબર ૧૨૧માં રહેતા કેશા ઉકા મારવાડી મળીને સાત શકુનીઓને સેક્ટર-૨૧ પોલીસે દબોચી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રૂ.૧૭,૪૧૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



# અડાલજ પોલીસે વોચ ગોઠવીને રીઢા વાહનચોરને દબોચી લીધો

## ત્રિમંદિર પાસેથી બે વર્ષમાં છ ગાડીઓ અને એક એકટીવા મળી સાત વાહનો ચોરી કર્યા હોવાની સનસની કબૂલાત : જે ગાડી લઈને ચોરી કરવા આવ્યો હતો તે ગાડી પણ ચોરીની નિકળી : આરોપી પાટણ ડેપોમાં ડ્રાઈવર

ગાંધીનગર, તા. ૩૦

અડાલજ નજીક આવેલા ત્રિમંદિરના પાર્કિંગમાંથી છેલ્લા ઘણા સમયથી વાહનો ચોરી થવાની ફરિયાદો ખૂબ વધી ગઈ હતી ત્યારે અડાલજ પોલીસે આ બાબતને ગંભીરતાથી લઈને પાર્કિંગ વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. ત્યારબાદ તબક્કાવાર પોલીસે ત્રિમંદિર ખાતે ડીકોય અને સરપ્રાઈઝ વાહન ચેકિંગ પણ ગોઠવ્યા હતા. સીસીટીવી સર્વેલન્સ સતત કરવામાં આવી રહ્યુ હતુ જેમાં એક અલ્ટો કારનો ચાલક શંકાસ્પદ જણાતા તેની વોચ ગોઠવી તેને પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે પકડી પાડેલા પાટણના શખ્સની ઊંડી પૂછપરછ કરતા તેણે છેલ્લા બે વર્ષમાં ત્રિમંદિરના પાર્કિંગ આસપાસથી છ ગાડીઓ અને એક એકટીવા મળી સાત વાહનો ચોર્યા હોવાની સનસની કબૂલાત કરી લીધી હતી. તે ઉપરાંત તે પોલીસના હાથે ઝડપાયો ત્યારે પણ ચોરી કરવા જ આવ્યો હતો અને જે વાહન લઈને આવ્યો હતો તે અલ્ટો ગાડી પણ ચોરીની જ હોવાનું ધ્યાને આવ્યું છે. અડાલજ પોલીસે ચોરીના પાંચ વાહનો તથા તેના સ્પેર પાર્ટસ રિકવર કરી પકડાયેલા રીઢા વાહનચોરની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. પકડાયેલો આરોપી પાટણ એસટી ડેપોમાં ડ્રાઈવર હોવાનું જાણવા મળ્યું છે.



અડાલજ પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમના પીએસઆઈ એ.જી એનૂરકાર તથા સ્ટાફના એ.એસ.આઈ જીતેન્દ્રભાઈ, નિલેશભાઈ, હેડ કોન્સ્ટેબલ અમૃતભાઈ, કેવલસિંહ અને કોન્સ્ટેબલ જયરાજસિંહ, મનિષસિંહ સહિતની ટીમ અડાલજ મહેસાણા પીકઅપ સ્ટેન્ડ પાસે વાહન ચેકિંગમાં હતા. તે દરમ્યાન અડાલજ ત્રિમંદિર ખાતે છેલ્લા બે વર્ષથી થઈ રહેલી વાહન ચોરીઓ અંગે જે સીસીટીવી સર્વેલન્સ રાખવામાં આવ્યું હતું તેમાં શંકાસ્પદ જણાયેલી અલ્ટો કારનો ચાલક ફરી ત્રિમંદિર પાસે આવ્યો હોવાની માહિતી મળતા આ ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને અલ્ટોગાડી સાથે શકમંદ ને પકડી પાડયો હતો. પાટણના કિમ્બુવા ગામના પ્રજાપતિ વાસમાં રહેતો જયંતિ સોમા પ્રજાપતિ નામનો શખ્સ જે અલ્ટો ગાડી લઈને આવ્યો હતો તે ગાડીના ચેચીસ નંબર ઉપર નજર નાખતા વેલ્ડીંગ મશીનથી છેડછાડ થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેના આધારે તેને પકડીને સઘન પૂછપરછ કરતા આ અલ્ટો ગાડી તેણે તાજેતરમાં જ ત્રિમંદિર પાસેથી ચોરી હોવાની કબૂલાત કરી લીધી હતી. હજુ પણ ચોરી કરવા જ તે શખ્સ આવ્યો હતો. અડાલજ પોલીસની ટીમે તેની કડક રીતે પૂછપરછ આ શખ્સ રીઢો વાહનચોર હોવાનું ખુલ્યું છે. વર્ષ ૨૦૧૬ થી આ શખ્સ ત્રિમંદિર પાસેથી વાહનો ચોરતો હતો. તેણે ત્રિમંદિર આસપાસથી અત્યાર સુધીમાં બે મારૂતિ ઝેન, બે મારૂતિ ફ્રન્ટી, એક એસ્ટીમ અને એક અલ્ટોગાડી ઉપરાંત એક એકટીવા પણ ચોરી કરી હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી છે. બે વર્ષમાં તેણે છ ગાડી અને એક એક્ટિવા મળી સાત વાહનો ચોરી કર્યા હતા. પોલીસે ચોરીના પાંચ વાહનો અને તેના સ્પેરપાર્ટ્સ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ પકડાયેલો આરોપી પાટણ ડેપોમાં એસ.ટી. ડ્રાઈવર હોવાનું ખુલ્યું છે અને રજાના દિવસોમાં ચોરી કરવા નીકળતો હોવાની તેણે કબુલાત કરી છે. આ શખ્સ અગાઉ પણ વાહન ચોરીના ગુનામાં પાટણ પોલીસના હાથે ઝડપાયેલો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

# જીએમઈઆરએસના સીઈઓ તરીકે ડો.આર.દિક્ષિતની વરણી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીના સીઈઓ તરીકે ડો. આર.દિક્ષિતની વરણી કરવામાં આવી છે. મેડીકલ સોસાયટીના સીઈઓ તરીકે જે.જી.બુચ ગયા બાદ આ જગ્યા ખાલી પડી હતી. ત્યારે જુના સચિવાલય મેડીકલ એજ્યુકેશન સંશોધનની કચેરી ખાતે નાયબ નિયામકનો હોદ્દો સંભાળતા ડો. દિક્ષિતને આરોગ્ય વિભાગના તંત્ર દ્વારા જીએમઈઆરએસના સીઈઓ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. ત્યારે આજે ડો. આર.દિક્ષિતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ચોથા માળે આવેલ સીઈઓની ઓફિસ ખાતે આવ્યા હતા અને વિધીવત ચાર્જ સંભાળ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી રાજયના વિવિધ શહેરોમાં આવેલી ૮ મેડીકલ કોલેજનો વહીવટ સોસાયટી સંભાળે છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી સીઈઓની જગ્યા ખાલી પડી હોવાથી કેટલાક કામો અટવાઈ ગયા હતા. મેડીકલ કોલજોને અનુલક્ષી કેટલાક નિર્ણયલક્ષી કામગીરી ખોરંભે ચડી ગઈ હતી. ત્યારે અત્યાર સુધી સીઈઓ નો ચાર્જ ડે. સીઈઓ પાસે હતો. જયારે સીઈઓના ચાર્જને લઈ કેટલાક અધિકારીઓ મેદાને જંગમાં હતા. સીઈઓના પદ માટે ઉચ્ચકક્ષાએથી ભલામણો માટે સચિવાયલના આંટાફેરા મારતા હતા. પરંતુ આરોગ્ય વિભાગના તંત્રએ મેડીકલ સોસાયટીનું સુચારુ આયોજન અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડો. આર.દિક્ષિતની વરણી કરી છે. ડો. દિક્ષિત આરોગ્ય વિભાગના એજ્યુકેશન વિભાગમાં હાલમાં જોઈન્ટ ડાયરેકટર તરીકે કાર્યરત છે અને તેઓને કામગીરીને પગલે તેઓને સીઈઓનો વધારોનો હવાલો સોંપવામાં આવ્યો છે. ત્યારે આજરોજ સીઈઓનો ચાર્જ સંભાળી ડો. આર.દિક્ષિતે કામગીરીનો પ્રારંભ કર્યો હતો.

### નવી ભોજન પ્રથા અપનાવો રોગ ભગાવો ફ્રી માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા આયોજીત દવા કે કસરત વગર નવી ભોજન પ્રથા અપનાવો રોગ ભગાવો ફ્રી માર્ગદર્શન કેમ્પનું આયોજન તા. ૧૪ સપ્ટેમ્બરને શુક્રવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે જુના સચિવાલય કેન્ટીન ખાતે કરવામાં આવ્યું છે. આ ફ્રી માર્ગદર્શન કેમ્પ ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા તમામ પ્રકારના રોગોથી મુકિત મેળવવા માટે કરવામાં આવ્યું છે. માત્ર નવી ભોજન પ્રથા અપનાવો, રોગ ભગાવો અંતર્ગત નવી ભોજન પ્રથાની ચમત્કારીક અને અનુભવ સિદ્ધ પ્રણેતા બી.વી.ચૌહાણ દ્વારા ફ્રી માર્ગદર્શન કેમ્પનું આયોજન ઉપર જણાવ્યા મુજબના સ્થળ-સમયે રાખવામાં આવેલ છે. તો દરેક અધિકારી-કર્મચારીઓએ આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

### જનહિત યુવા મોરચા દ્વારા વિવિધ પ્રશ્નોને પગલે કલેકટરને આવેદન પત્ર

ગાંધીનગર, તા. ૩૦

જનહિત યુવા મોરચા ગાંધીનગર દ્વારા આજ રોજ રજનીકાંત પરમાર અને શ્રેયસ પટેલ દ્વારા વિવિધ પ્રશ્નોને લઈ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. જેમાં જનહિત યુવા મોરચાની મુખ્ય ૪ માંગણીઓ છે. મહિલા પર થતા અત્યાચારોને રોકવા, રોજે રોજ વધતા રેપ કેસને અટકાવવા, સરકાર દ્વારા પોલીસ પર થતું શોષણને રોકવું, અને ગાંધીનગરમાં ઝુંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા નાગરીકોને જગ્યા આપવી. આ માંગણીઓ એક માસમાં તંત્ર દ્વારા પુરી નહીં કરવામાં આવે તો જનહિતના કાર્યકરોએ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

# સે-૨૮ શોપિંગ પાસેથી સાયકલ લઈને જતા યુવાનને લાફો ઝીંકી સોનાનો ચેઈન લૂંટી લેવાયો

ગાંધીનગર, તા. ૩૦

શહેરના સેક્ટર-૨૪માં રહેતા કેટલાક યુવા તત્વો ગુંડાગીરીના રવાડે ચડ્યા છે ત્યારે બે દિવસ પહેલા સેક્ટર-૨૮ની શોપિંગ નજીક આવા જ એક તત્વએ સાઈકલ લઈને જતા એક યુવાનને ઉભો રખાવી લાફો ઝીંકી દીધો હતો અને યુવાને પહેરેલો સોનાનો ચેઈન લૂંટી લઈ સાયકલ ચાલક યુવાનને ભગાડી મૂક્યો હતો. બિન્દાસ્ત ગુંડાગીરી કરતા આવા તત્વો સામે કડક કાર્યવાહી થાય તેવી પ્રબળ માંગ ઉઠી છે. સેક્ટર-૨૧ પોલીસ મથકમાં લૂંટનો ભોગ બનેલા યુવાનના પિતાએ સેકટર-૨૪ના શખ્સ સામે ગુનો દાખલ કરાવતા પોલીસે ફરિયાદ લઈ ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે આવેલા પ્લોટ નંબર ૪૯૦/૧ માં રહેતા આસિફભાઈ અબ્દુલભાઈ વોરાનો દીકરો સમર ૨૮ ઓગસ્ટે સાંજના સવા છ વાગ્યાના અરસામાં સાઈકલ લઈને સેક્ટર-૨૮ શોપિંગ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેની સાથે લુંટનો બનાવ બન્યો હતો. સેક્ટર-૨૪માં રહેતા અજય ડોન ઉર્ફે અજયસિંહ બાબુસિંહ ગોહિલ નામના શખ્સે સાયકલ લઈને પસાર થઈ રહેલાં સમરને ઉભો રખાવી દીધો હતો અને સમરને લાફો ઝીંકીને તેણે પહેરેલો રૂપિયા ૨૫ હજારની કિંમતનો એક તોલા વજનનો સોનાનો દોરો લૂંટી લીધો હતો. સોનાના દોરાની લૂંટ ચલાવી સાઈકલ ચાલક સમરને ત્યાંથી તગેડી મૂક્યો હતો. ગભરાઈ ગયેલા સવારે ઘરે જઈને તેના પિતાને આ સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી. ડરના માર્યા તેણે પોલીસ ફરિયાદ પણ આપી ન હતી. આખરે તેના પિતાએ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં જઈને અજય સામે ફરિયાદ આપતા પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

# જિલ્લા કક્ષાની 'નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ' સ્પર્ધામાં રસપ્રદ નાટકો

ગાંધીનગર, તા.૩૦

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઈ, નહેરૂ સાયન્સ સેન્ટર, મુંબઈ, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની શાળાઓ માટે સાયન્સ ડ્રામા સ્પર્ધા આજ રોજ સે-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાઈ હતી.

આ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં મુખ્ય મહેમાનપદે ગાંધીનગરના જાણીતા નાટયકારો હસમુખ મેકવાન તથા નીતીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ અતિથિવિશેષ તરીકે ગાંધીનગરના જાણીતા નાટયકાર કુંતલ નિમાવત ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને નાટય સ્પર્ધાના નિયમો જણાવ્યા હતા તેમજ આ વર્ષની સ્પર્ધાના વિષય તેમજ પેટા વિષયો ઉપર સમજણ આપી હતી. સામાન્ય નાટકો અને વિજ્ઞાન નાટકો કઈ રીતે જુદા પડે છે તેની વિગતવાર સમજુતી આપી હતી. આ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની ૮ શાળાઓએ ભાગ લીધો હતો. આ શાળાઓએ ડિજીટલ ઈન્ડિયા, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, હરિત ઉર્જા વિશે રસપ્રદ નાટકો રજુ કર્યા હતા.

સ્પર્ધાના નિર્ણાયકો હસમુખ મેકવાન અને નીતિનભાઈ પટેલે વિદ્યાર્થીઓને નાટકના પાત્રો, સંવાદ, સમય સુચકતા, સંગીત પાત્રોના અવાજ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. વિજેતા ટીમના વિદ્યાર્થીઓ તેમજ ભાગ લેનાર તમામ ટીમના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

રાજયકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં શ્રી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા સે-૨૩ની વિદ્યાર્થીનીઓ ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવામાં હાર્દિક મકવાણા, શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

### સ્પર્ધાની વિજેતા શાળાઓ

● સ્પર્ધામાં શ્રી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, સે-૨૩નું નાટક 'પહેલુ સુખ તે જાતે નર્યા' પ્રથમ વિજેતા બન્યું હતું.

● દ્વિતિય વિજેતા એસ.જી. ઈંગ્લિશ મીડીયમ સ્કુલ, સે-૨૩, ગાંધીનગરનું નાટક 'ડિઝીટલ ઈન્ડિયા' વિજેતા બન્યું હતું.

● તૃતીય વિજેતા પ્રેરણા વિદ્યાલય, સે-પનું નાટક 'હવે ખબર પડી' વિજેતા બન્યું હતું.







### મુકિતધામ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગર દ્વારા સંત શિરોમણી રોહિતદાસજી, શહિદ વિર મેઘમાયા, તથા તેજાનંદ સ્વામીની મૂર્તિઓના સ્થાપના દિન નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ સેકટર-૩૦ મુકિતધામ ખાતે તા. ૧ સપ્ટેમ્બરને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે રાખવામાં આવેલ છે. તો ગાંધીનગરની જાહેર જનતાને કાર્યક્રમમાં પધારવા સંસ્થા દ્વારા હાર્દિક અનુરોધ કરાયો છે.

### ચિરવિદાય

- સ્વ. તેજલસિંહ ચેહરસિંહ સોલંકી, ઉ.વ. ૫૦
- સ્વ. શારદાબેન બળદેવજી ઠાકોર, ઉ.વ. ૬૦